**<u>ફોજદારી કેસ નં. ૧૯૦૩૪/૨૦૨૦ના કામે આંક ૧ લગત હુકમ</u>**
**<u>લક્ષ્મીપુરા પો.સ્ટે.સેકન્ડ ગુના રજી.નંબર ૭૪/૨૦૨૦</u>**
**<u>ઓનલાઈન એફ.આઈ.આર નં.૧૧૧૯૬૦૩૭૨૦૦૧૭૮/૨૦૨૦</u>**

**<u>//–આંક ૧ લગત હુકમ –//</u>**

**૧.** આ કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટ તથા તે સાથે રજુ કરવામાં આવેલ પોલીસ પેપર્સ ધ્યાને લીધા. વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

**૨.** સદર કામે દાખલ કરવામાં આવેલ ચાર્જશીટની વિગતો ધ્યાને લેતાં આ કામના આરોપી **<u>સંજય ફુલચંદ જયસ્વાલ</u>** વિરુધ્ધ <u>ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ તથા જી.પી.એકટની કલમ ૭૦</u> હેઠળ સજાને પાત્ર ગુનાનું ચાર્જશીટ પોલીસ કર્મચારીની ફરિયાદ ઉપર તપાસ કર્યા બાદ હાલના તપાસ કરનાર અમલદારે દાખલ કરેલ છે.

**૩.** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૯૫(૧)(ક)ની જોગવાઈ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

૧૯૫ રાજ્ય સેવકોને અધિકારના તિરસ્કાર જાહેર ન્યાય વિરુધ્ધના ગુના અને પુરાવામાં આપેલ દસ્તાવેજો સંબંધી ગુના માટે ફોજદારી કામ ચલાવવા બાબત...

(૧) કોઈપણ અદાલત....
(ક) સંબંધીત રાજય સેવકની અથવા તે વહીવટી હેતુઓ માટે જેની સત્તા નીચે હોય તે બીજા કોઈ રાજય સેવકની લેખિત ફરિયાદ સિવાય,–
(૧) ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૭૨ થી ૧૮૮ (બંને સહિત) હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાની,અથવા
(૨) ....
(૩) ....
(ખ) .... .... ...... ..... .....
(૧) ....(૨)...(૩)...
વિચારણામાં લઈ શકશે નહી.

સબબ પરત્વે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૨(ઘ) અન્વયે “ફરિયાદ'' ની વ્યાખ્યા જોવામાં આવે તો “ફરિયાદ'' એટલે કોઈ જ્ઞાત કે અજ્ઞાત વ્યકિતએ અમુક ગુનો

કર્યો છે એવો મેજીસ્ટ્રેટને આ અધિનિયમ હેઠળ તેમને પગલા લેવા માટે કરાયેલો મૌખિક કે લેખિત આક્ષેપ, પરંતુ તેમાં કોઈ પોલીસ રીપોર્ટનો સમાવેશ થતો નથી .

**૪.** જી.પી.એકટની કલમ ૭૦ વંચાણે લેતાં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે. કલમ ૭૦ : કલમ ૩૭,૩૮ અથવા ૩૯ મુજબ કરેલા હુકમો અમલમાં લાવવા બાબત...

કલમ ૩૭ પ્રમાણે કોઈ જોહરનામું યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યા પછી અથવા કલમ ૩૮ અથવા ૩૯ પ્રમાણે કોઈ હુકમ કર્યા પછી જો કોઈ વ્યકિત એવા જાહેરનામા અથવા હુકમ વિરુધ્ધ ચાલતી હોય અથવા ચાલવાની હોય તે વ્યકિતને તે પ્રમાણે ચાલવાનું બંધ કરવાનું અથવા નહી ચાલવાનું જીલ્લામાંનો હરકોઈ મેજીસ્ટ્રેટ અથવા પોલીસ અધિકારી ફરમાવે તથા તે ના પાડે અથવા આજ્ઞા ભંગ કરે તે પ્રસંગે તકસીરવાન વ્યકિતને પકડે તો તે કાયદેસર ગણાશે વળી એવા જાહેરનામા અથવા હુકમ વિરુધ્ધ જે કંઈ પદાર્થ અથવા વસ્તુ વાપરી હોય અથવા વાપરવાની હોય તે સદરહું મેજીસ્ટ્રેટ અથવા પોલીસ અધિકારી કબજે લઈ શકશે અને તે વસ્તુનો સદરહું જગામાં હકુમતવાળા જીલ્લા મેજીસ્ટ્રેટના હુકમ મુજબ નિકાલ કરાશે. આમ ચાર્જશીટ વંચાણે લેતાં કોરોના વાયરસ મહામારી અં ગે મહે.પોલીસ કમીશ્નરશ્રીના જાહેરનામા ભંગનો આક્ષેપ કરવામાં આવેલ છે.

**૫.** સબબ કાનુની જોગવાઈ લક્ષમાં લઈ આ કામની હકીકતો તપાસતાં સદર કામે પોલીસ અધિકારીએ એફ.આઈ.આર દાખલ કરી , તે સબબ તપાસ કરનાર અમલદારે તે એફ. આઈ. આર સબબ તપાસ કરી ,આરોપી વિરુધ્ધ ચાર્જશીટ રજુ કરેલ છે. આમ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૯૫(૧) (ક)ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ અન્વયેના ગુના સબબ ચાર્જશીટ ઉપરથી ગુન્હાનું સં જ્ઞાન લેવામાં અદાલત ઉપર બાધ મૂકવામાં આવેલ છે. વધુમાં સદર જોગવાઈ આદેશાત્મક જોગવાઈ છે અને તેમાં કોઈપણ અદાલતને એવા કોઈપણ ગુન્હા

કે જે ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૭૨થી ૧૮૮ અનુસાર સજા પાત્ર હોય એવા ગુના માટે સંબંધીત રાજય સેવક અથવા તે સંબંધીત રાજય સેવક જેના વહીવટી તાબા હેઠળ હોય તેવા રાજયસેવકની ફરિયાદ ઉપરથી જ સંજ્ઞાન લઈ શકાય છે તે સિવાય કોર્ટ ધ્વારા સં જ્ઞાન લેવા ઉપર બાધ મૂકવામાં આવેલ છે. તેમજ જી.પી.એકટની કલમ ૭૦ વંચાણે લેતાં જી.પી.એકટની કલમ ૩૭,૩૮ તથા ૩૯ અન્વયે કરવામાં આવેલ જાહેરનામા તથા હુકમોની અમલવારી અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. હાલનું ચાર્જશીટ પણ જાહેરનામાના ભંગ બદલ પોલીસની ફરિયાદ ઉપરથી દાખલ કરવામાં આવેલ હોય ગુનાનું સંજ્ઞાન લેવા સામે બાધ આવતો હોય ત્યારે તેવા ગુન્હા સબબ કાર્યવાહી ચલાવવામાં આવે તો પણ તે સમયની નિરર્થક બરબાદી છે જે ઉચિત ગણી શકાય નહી. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના (૧) પરસોતમભાઈ ઓધવજીભાઈ સોલંકી વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ મીસ.એપ્લીકેશન નં.૩૧૨૬૪/૨૦૧૬ તારીખ ૪/૧૧/૨૦૨૦, (૨) ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાણી વિ.ગુજરાત રાજય ૨૦૧૭(૦) એ.આઈ.જે.ઈ.એલ –એચ.સી–૨૩૭૪૧૩ ,(૩) સોની દિનેશકુમાર ડાહ્યાલાલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ મીસ.એપ્લીકેશન ફોર કવોશીંગ એન્ડ સેટ એસાઈ એફઆઈઆર/ઓર્ડર) નં ૧૭૨૭૦/૨૦૧૨ તારીખ ૨૧/૦૨/૨૦૧૮, (૪) મોહં મદમોહસીન મોહંમદ ઈરફાન ચાલોટીયા વિ.સ્ટેટ ઓફ ગુજરાત સ્પે.ક્રિમીનલ એપ્લીકેશન નંબર ૪૧૦૫/૨૦૧૭ તારીખ ૧૫/૦૨/૨૦૧૯ (૫) હાજી ઉસ્માન સુલ ેમાન વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ મીસ.એપ્લીકેશન નં.૧૧૬૭૫/૨૦૧૫ તારીખ ૨૨/૦૧/૨૦૨૦, (૬) મેરુભાઈ મેદાભાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ મીસ.એપ્લીકેશન નંબર ૧૭૨૮૬/૨૦૧૭ તારીખ ૧૦/૧૧/૨૦૧૭ (૭) જાહીદ ભગત વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત સ્પે.ક્રિમીનલ એપ્લીકેશન નંબર ૭૯૧૩/૨૦૧૭ તારીખ

૦૩/૧૧/૨૦૧૭ (૮) નરેન્દ્રસિંહ અર્જુનસિંહ વિ.સ્ટેટ ઓફ ગુજરાત સ્પે.ક્રિમીનલ એપ્લીકેશન નંબર ૬૨૪૪/૨૦૧૫ તારીખ ૨૭/૧૦/૨૦૧૫ ના ચુકાદામાં પ્રતિપાદીત સિધ્ધાંત લક્ષમાં લેતાં પણ હાલના કેસમાં પોલીસ અધિકારીએ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ તથા જી.પી.એકટની કલમ ૭૦ અન્વયેના ગુના સબબના ચાર્જશીટ ઉપરથી આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮,તથા જી.પી.એકટની કલમ ૭૦ ના ગુનાનું સંજ્ઞાન લેવા સામે બાધ આવતો હોય સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ન્યાયોચિત જણાતું ન હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## //હુકમ//

સબબ ચાર્જશીટ અન્વયે આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ તથા જી.પી.એકટની કલમ હેઠળ સજાને પાત્ર ગુનાનું સંજ્ઞાન ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૯૫(૧)(ક)ની આદેશાત્મક જોગવાઈનો આ કામે ભંગ થતો હોઈ સંજ્ઞાન લઈ શકાય તેમ ન હોઈ, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮ અન્વયે કાર્યવાહી બંધ કરી ચાર્જશીટ ફાઈલે કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબ મુદ્દામાલ વચગાળાના હુકમથી પરત સોંપવનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૦મી માહે જુલાઈ સને ૨૦૨૧ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૧૦/૦૭/૨૦૨૧ — મોહંમદસલીમ હબીબખાન પઠાણ
સ્થળ : વડોદરા. — (જીજે.૦૦૮૧૧૧)

૯મા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
વડોદરા.